**AGR-૧૧**
રીસ્ક મેનેજમેન્ટ ઇન
એગ્રીકલ્ચર સેક્ટર
વર્ષ ૨૦૧૯-૨૦

કૃષિ, ખેડૂત કલ્યાણ અને
સહકાર વિભાગ
ક્રમાંક......................
- 2 MAY 2019
660
શાખા..............................

ગુજરાત સરકાર,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્ર : બજટ/૧૦૨૦૧૮/૪૩૭૬/ક-૭
સચિવાલય, ગાંધીનગર.
તા:-૦૮/૦૪/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગનો તા:-૫/૪/૨૦૧૬નો ઠરાવ ક્ર: બીજેટી/૧૦૨૦૧૫/૨૫૮૯/ક-૭

(૨) કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગનો તા:- ૩/૪/૨૦૧૮ નો ઠરાવ ક્ર: બજટ/૧૦૨૦૧૭/૨૨૯૬/ક-૭

(૩) ખેતી નિયામકશ્રી ગાંધીનગરનો તા- ૧૪/૩/૨૦૧૯ નો પત્ર ક્ર:-ઇકોસ્ટેટ/ PMFBY /૪૯૫૮-૫૯/ ૨૦૧૯

પ્રસ્તાવના :

વંચાણે લીધેલ ક્રમ (૧) મુજબના ઠરાવથી પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) સમગ્ર ગુજરાત રાજ્યમાં ખરીફ સીઝન-૨૦૧૬ થી અમલમા લાવવાનું ઠરાવવામાં આવેલ હતું. તથા સદર ઠરાવના ઘટક ૧ માં રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના (NAIS) ની જગ્યાએ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) અને યુનાટેડ પેકેજ ઈન્શ્યોરન્સ યોજના (UPIS) માટે જોગવાઈ કરવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૧૯ – ૨૦ થી AGR-૧૧ રીસ્ક મેનેજમેન્ટ ઇન એગ્રીકલ્ચર સેક્ટર યોજના બજેટ સદર (૨૪૦૧-૧૧૦-૦૪) હેઠળ નીચે જણાવેલ બે યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૧) પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના

(૨)કૃત્રિમ વરસાદના પ્રયોગની યોજના.

વંચાણે લીધેલ ક્રમ (૨) મુજબના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઉક્ત બન્ને યોજનાઓને ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ (૩) મુજબના પત્રથી ખેતી નિયામકશ્રીએ AGR-૧૧ રીસ્ક મેનેજમેન્ટ ઇન એગ્રીકલ્ચર સેક્ટર યોજનાની વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં થયેલ રૂ. ૯૭૩૧૭.૪૮/- લાખની જોગવાઈને વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાના અંતે વર્ષ ૨૦૧૯-૨૦ માં AGR-૧૧ રીસ્ક મેનેજમેન્ટ ઇન એગ્રીકલ્ચર સેક્ટર યોજના હેઠળ નીચે જણાવેલ બે યોજનાઓ માટે રૂ. ૯૭૩૧૭.૪૮/- લાખ ખર્ચ કરવા માટે નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | યોજનાના ઘટકનું નામ | જોગવાઇ ( રૂ. લાખમાં ) | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના/ પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના/ યુનાઈટેડ પેકેજ ઈન્શ્યોરન્સ યોજના | ૯૭૩૦૯.૪૮ | કેન્દ્ર રાજયના ૫૦-૫૦ ટકાના ધોરણે પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના અને યુનાઇટેડ પેકેજ ઇન્સોરન્સ સ્કિમ માટે જોગવાઇ<br>- અગાઉની જૂની યોજનાની નાંણાંકીય જવાબદારીઓનો ખર્ચ આ સદરે કરવાનો રહેશે. |
| ૨ | કૃત્રિમ વરસાદના પ્રયોગની યોજના | ૮.૦૦ | રાજય યોજના |
| | કુલ. | ૯૭૩૧૭.૪૮ | |

પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની અમલવારી માટે થયેલ જોગવાઇમાંથી નીચે મુજબ ખર્ચ થઇ શકશે.

૧. યોજના માટે રાજય સરકારશ્રીના પ્રિમિયમના હિસ્સાની જોગવાઇ.

૨. યોજનાના અમલ અર્થે વીમા કંપની ની પસંદગી માટે ટેન્ડરીંગ / બીડીંગ પ્રકિયા, વેધર ડેટા મેળવવા ટેન્ડરની પ્રકિયા તેમજ ઓટોમેટીક વેધર સ્ટેશનનો ખર્ચ, પાક કાપણી અખતરાઓનું આઉટ સોર્સીંગ થી સેવાઓ મેળવવા ટેન્ડર પ્રકિયા , અન્ય કન્સલટન્ટ ની નિમણૂક વિગેરેની પ્રકિયા નો ખર્ચ .

૩. યોજનાના અમલીકરણ માટે નિયુકત થયેલ એજન્સીઓને ચુકવવાની રકમ

૪. પાક કાપણી અખતરાઓના પત્રકોની છપામણી તેમજ અખતરા પેટે થનાર અન્ય તમામ ખર્ચ

૫. યોજનાકીય મટીરીયલ છપામણી , સેમીનાર , તાલીમો વિગેરેના પ્રચાર પ્રસારનો ખર્ચ

૬. યોજના સબંધિત અન્ય કન્ટીજન્સી ખર્ચ ની જોગવાઇ

અન્ય શરતો:-

૧) સને ૨૦૧૯-૨૦ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ કમાંક.એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૮) વર્ષના અંતે જો કોઈ રકમ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦) આ અંગેનો ખર્ચ તા. ૧/૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

૧૧) નાણા વિભાગની તા-૧૮-૬-૦૯ની નોંધમાં જણાવ્યા મુજબ જે કામો NAREGA નીચે લઇ શકાય અને જે ગ્રામીણ મજુરો દ્વારા કરાવવામાં આવતી હોય તેવી કામગીરી NAREGA નીચે જ કરાવવાની રહેશે.

૧૨) પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના/ યુનાઈટેડ પેકેજ ઈન્શ્યોરન્સ યોજનાનો ખરીફ-૨૦૧૯ અને રવિ/ઉનાળુ -૨૦૧૯-૨૦ ઋતુમાં રાજ્યમાં અમલ વખતોવખત કરવામાં આવતા ઠરાવોમાં જણાવ્યા મુજબ કરવાનો રહેશે.

૧૩) પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના/ યુનાઈટેડ પેકેજ ઈન્શ્યોરન્સ યોજનાની નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગર રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૯-૨૦ ના વર્ષના અંદાજપત્રમાંની જોગવાઈ મુજબ નાણાં વિભાગ દ્વારા વખતો - વખત છૂટી કરવામાં આવતી ગ્રાન્ટની માર્યાદામાં રહીને નીચેના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં. : ૨
મુખ્ય સદર : ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા
પેટા મુખ્ય સદર : ૦૦
ગૌણ સદર : ૧૧૦- પાક વિમો
પેટા સદર : ૦૪ - AGR-૧૧ કૃષિ ક્ષેત્રે જોખમોનું વ્યવસ્થાપન

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:-૦૨/૦૪/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.કે.ઠાકોર )
સેકશન અધિકારી
કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગ

પ્રતિ,

૧. સંયુકત સચિવશ્રી , કૃષિ, સહકાર અને કૃષિ કલ્યાણ મંત્રાલય ભારત સરકાર નવી દિલ્હી
૨. માન. મુખ્યમંત્રીશ્રીના નાયબ સચિવશ્રી , મુખ્યમંત્રીશ્રી કાર્યાલય , સચિવાલય ગાધીનગર
૩. માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી , સ્વર્ણીમ સંકુલ -૧ , સચિવાલય, ગાંધીનગર
૪. માન. રા.ક.મંત્રીશ્રી (કૃષિ )ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૫.. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી , સચિવાલય , ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં) , સચિવાલય , ગાંધીનગર

૭. ખેતી નિયામકશ્રી, કૃષિભવન, ગાંધીનગર

૮. મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગર

૯. કૃષિ, ખે.ક. અને સ. વિભાગની બજેટ, આઈ.ટી. અને નાણાં શાખા, , સચિવાલય , ગાંધીનગર

૧૦. શાખા સિલેક્ટ ફાઇલ